દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
સોમવાર ૨૭ જુલાઈ, ૨૦૨૬

12 વર્ષમાં 116 પેપર લીક થઈ ગયા પછી આજે સંસદમાં કાયદો બનશે

દિલ્હીના જંતર મંતર ખાતે નીટ પેપર લીક મામલે થયેલા ઉગ્ર આંદોલન બાદ કેન્દ્રિય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવાની ફરજ પડી છે. પહેલી વખત નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ચાલી રહેલી ભાજપ સરાકરે બેકફૂટ પર જવાની ફરજ પડી છે. જો કે જે કામ પહેલા કરવાનું હતું તે સરકાર હવે કરવા જઇ રહી છે. કેન્દ્ર સરકાર પેપર લીક રોકવા માટે પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, 2024 માં સુધારો કરવા જઈ રહી છે. પીએમ નરેન્દ્ર મોદીના આશ્વાસન બાદ સરકાર સોમવારે લોકસભામાં નવું બિલ રજૂ કરી શકે છે. તેમાં સજા અને દંડની જોગવાઈઓને વધુ કડક કરવામાં આવી છે. પેપર લીક સાથે સંકળાયેલા સંગઠિત અપરાધો માટે ઓછામાં ઓછી 7 વર્ષ અને વધુમાં વધુ 10 વર્ષની જેલની જોગવાઈ છે. તેમાં 10 કરોડ રૂપિયા સુધીનો દંડ પણ લગાવી શકાય છે. કર્મચારી અને તાલીમ વિભાગના કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ સોમવારે આ બિલ લોકસભામાં રજૂ કરશે. જો કે, સૌથી મહત્વની વાત એ છે કે, કાયદા ગમે તેટલા મજબૂત હોય પેપર લીક નહીં થાય તે જરૂરી છે. કાયદા બને છે પરંતુ તેને તોડવાની છટકબારી પણ આવા તત્વો શોધી લેતા જ હોય છે. જેથી માત્ર કાયદા પર આધારિત નહીં રહી શકાય. પેપર લીક નહીં થાય તેના પર જ ધ્યાન રાખવું જોઇએ. વિદ્યાર્થી પરીક્ષા માટે તનતોડ મહેનત કરે છે અને જ્યારે પરીક્ષાનો સમય આવે છે ત્યારે ખબર પડે છે કે પેપર લીક થઇ ગયું છે. દેશમાં પેપર લીક હવે કોઈ એક પરીક્ષા કે રાજ્યની સમસ્યા રહી નથી. તે સમગ્ર દેશમાં ફેલાયેલા એક મોટા સંગઠિત નેટવર્કનું સ્વરૂપ લઈ ચૂક્યું છે. 2014થી જુલાઈ 2026 સુધી મીડિયા રિપોર્ટ્સ અને સરકારી કાર્યવાહીના આધારે ઓછામાં ઓછા 116 પેપર લીકના કેસ સામે આવ્યા છે. આ કેસોથી લગભગ 7.5 કરોડ ઉમેદવારો પ્રભાવિત થયા અને પેપર માફિયાનું નેટવર્ક 19 રાજ્યો સુધી ફેલાયેલું જોવા મળ્યું. 2014થી 2024ની વચ્ચે 89 કેસ સામે આવ્યા હતા. તેમાંથી 21 કેન્દ્રીય સંસ્થાઓ અને 68 રાજ્ય સ્તરીય પરીક્ષાઓ સાથે સંકળાયેલા હતા. ત્યારબાદ 2025માં 20 અને 2026માં જુલાઈ સુધી NEET-UG સહિત 7 પેપર લીકના કેસ નોંધવામાં આવ્યા છે. દેશભરમાં જાન્યુઆરી 2019થી જૂન 2024 વચ્ચે 19 રાજ્યોમાં 65 પરીક્ષાઓના પ્રશ્નપત્રો લીક થયા. આમાં સરકારી ભરતીઓથી લઈને પ્રવેશ, બોર્ડ અને યુનિવર્સિટીઓની પરીક્ષાઓ સામેલ છે. આ 65 કેસોમાં 45 સરકારી ભરતી પરીક્ષાઓ સાથે સંકળાયેલા હતા. પેપર લીકના કારણે ઓછામાં ઓછી 27 પરીક્ષાઓ રદ અથવા મુલતવી રાખવી પડી હતી. આનાથી ત્રણ લાખથી વધુ સરકારી પદો પર ભરતી અટકી ગઈ. સૌથી વધુ નિશાના પર શિક્ષક અને પોલીસ ભરતી પરીક્ષાઓ રહી છે. ઉત્તર પ્રદેશ 11 કેસો સાથે સૌથી ઉપર રહ્યું. મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં નવ-નવ, મહારાષ્ટ્રમાં છ અને ગુજરાતમાં પાંચ કેસ નોંધાયા છે. કેન્દ્રની SSC, કેન્દ્રીય વિદ્યાલય સંગઠન, UPSC, સેના, ONGC અને કૃષિ વૈજ્ઞાનિક ભરતી બોર્ડ જેવી આઠ ભરતી પરીક્ષાઓ રદ કરવી પડી છે. આના કારણે ભરતીઓ બેથી આઠ મહિના સુધી લંબાઈ. 2025-26માં બોર્ડ, ભરતી, પાત્રતા, યુનિવર્સિટી અને મેડિકલ પ્રવેશ પરીક્ષાઓ સુધી પેપર લીક ચાલુ રહ્યા હતા. આ બિલની કેટલીક અન્ય જોગવાઇ પર નજર કરીએ તો બિલમાં બે નવી કલમો 12A અને 12B ઉમેરવામાં આવી છે. આ અંતર્ગત કેન્દ્ર સરકાર એક સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરી શકશે. કેન્દ્રીય તપાસ એજન્સી અથવા SITને કેન્દ્ર સરકાર દ્વારા કેસ સોંપવામાં આવ્યાના 2 મહિનાની અંદર તપાસ પૂરી કરવી પડશે. ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા દરરોજ સુનાવણી થશે. રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની સલાહથી સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટ નિયુક્ત કરશે. ચાર્જશીટ દાખલ થયાના 3 મહિનાની અંદર ટ્રાયલ પૂર્ણ કરવું ફરજિયાત રહેશે. બિલમાં અપીલ માટે પણ સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટના નિર્ણય વિરુદ્ધ હાઈકોર્ટમાં અપીલ કરી શકાશે. આવી અપીલ પર બે જજોની બેન્ચ સુનાવણી કરશે અને તેને 3 મહિનાની અંદર પતાવવાનો પ્રયાસ કરવામાં આવશે. અપીલ નિર્ણયના 30 દિવસની અંદર કરવી પડશે, જેને વિશેષ સંજોગોમાં 90 દિવસ સુધી લંબાવી શકાય છે.

કથા કથન

દાદુ અભિનેતા પરેશ રાવળ કહે છે કે મધુ રાય એ ગુજરાતી ભાષાનો નગરશેઠ છે. તે છે જ! 'રૂપ રૂપ અંબાર' નામના વાર્તાસંગ્રહમાં વાર્તા ઉપરાંત આત્મકથન છે. વાંચો તો ખાલી મનમાં આષાઢી મેઘ છવાશે. અહીં થોડાં વાક્યો તારવ્યાં-સારવ્યાં છે. તેઓ કહે તો બસ આ રીતે કહે એટલે તમે પણ એ રીતે વાંચો.

અવસ્થા ઈ અવસ્થા, દુવારકાધીશનેય ક્યાં નો'તી નડી!
પૃષ્ઠ-૧૧

લગ્નજીવનમાં ભંગાણ કોઈક કાર એક્સિડન્ટ જેવું હોય છે. થાય છે, થઈ જાય છે, થયું, બસ થઈ ગયું.
પૃષ્ઠ-૩૨

મારા દીકરાને મેં જન્મ આપ્યો, પણ મને - મારા આત્માને અભિવ્યક્તિ આપી મારા દીકરાએ. મારી સાચી જાતને જન્મ આપ્યો મારા દીકરાએ, તે અર્થમાં મારો દીકરો મારી મા છે.
પૃષ્ઠ-૬૦

પાત્રોનાં ઓઠાં બનાવીને કોઈ એક વ્યક્તિ પાસે પ્રેમ નિવેદન કરવાની વ્યવસ્થા છે ફિક્શન.
પૃષ્ઠ-૬૧

સુખી લોકો વારંવાર મિરરમાં જોતા હોય છે કેમ કે તેમાં સુખી માણસ દેખાય છે. દુઃખી લોકો મિરર જોવાથી ડરે છે કેમ કે તેમાં ઉલ્લુકા પઠ્ઠા દેખાય.
પૃષ્ઠ-૭૧

સુખ મળે મને તન્મયતાથી મારી ભાષાની રજોટીમાં આળોટું ત્યારે
પૃષ્ઠ-૭૪

હું નાસ્તિક નથી કે આસ્તિક નથી, એ બેમાંથી એક હોવું મને જરૂરી લાગતું નથી. હું છું તે આ છું, શી ખબર કેટલો સમય હજી 'છું' છું!
પૃષ્ઠ-૮૧

સૃષ્ટિ સાથેનો વાર્તાલાપ સતત અવાજો, શબ્દો વિના સંભવ નથી.
પૃષ્ઠ-૯૦

પરમાત્માની જુદી જુદી કલ્પના કરાય છે એમ આત્મા પણ તમારી લોકોની કલ્પના છે.
પૃષ્ઠ-૯૮

દરેક માણસ પોતાના મગજમાં રિયાલિટીનું એક પિક્ચર બનાવીને જીવે છે જે પોતાને માફક આવે તેવા રંગે રંગેલું છે.
પૃષ્ઠ-૧૧૧

સ્ત્રીના મનની દેવોને પણ જાણ નથી હોતી, તો માણસનું શું ગજું?
પૃષ્ઠ-૧૪૮

મનુષ્યો બોલી બોલીને બાજી બગાડી છે. બોલવું ઈ એક વાયડાય છે, સમજ્યા? પશુપંખી કોઈ વાતું કરે છે કે સંસાર અસાર છે? ને તોયે સંસાર ચાલે છે કે નહીં?
પૃષ્ઠ-૧૭૨

હું પૂછું, તમે કહો

વાત તો એટલી જ છે કે વાત-વાતમાં તમારા સુધી વાત પહોંચે. પ્રશ્નો પૂછીએ તે તમારા સાહિત્યના જ્ઞાનને ફરી ફરી માણવા માટે. ઉત્તર જોયા વિના માણો ને પછી જાણો.

(૧) કુળકથાઓ, 'ધરતીનું લૂણ', 'ધરતીની આરતી', 'જૂની મૂડી', 'નઘરોળ' જેવાં પુસ્તકો લખનાર, અનુપમ ગદ્યના સર્જક અને છેલ્લાં વર્ષોમાં થાણા જિલ્લાની કોસબાડ ટેકરીઓમાં નિવૃત્ત જીવન ગાળનાર, સાધુ અને ગાંધીજી જેની સલાહ લેતા તેવા જીવનધર્મી ગદ્યકાર કોણ?
(ક) અવધૂત મહારાજ
(ખ) રવિશંકર મહારાજ
(ગ) ભિક્ષુ અખંડાનંદજી
(ઘ) સ્વામી આનંદ

(૨) પન્નાલાલ પટેલની નવલકથા 'માનવીની ભવાઈ'ની બીજી આવૃત્તિમાં જે પ્રવેશક છે, તે કયા નવલકથાકાર અને શિક્ષણક્ષેત્રના આદરણીય મોભીએ લખેલો?
(ક) નાનાભાઈ ભટ્ટ
(ખ) ઉમાશંકર જોશી
(ગ) 'દર્શક'
(ઘ) કાકાસાહેબ કાલેલકર

(3) જેમની ઓળખ 'યુગમૂર્તિ વાર્તાકાર'ની છે, જેમણે 'ગ્રામલક્ષ્મી', 'ભારેલો અગ્નિ', 'પૂર્ણિમા' જેવી અનેક નવલકથાઓ લખી છે, તે નવલકથાકાર કોણ?
(ક) રમણલાલ વસંતલાલ દેસાઈ
(ખ) કનૈયાલાલ મુનશી
(ગ) વિઠ્ઠલ પંડ્યા
(ઘ) પીતાંબર પટેલ

(૪) ગુજરાતી સાહિત્યનાં મહત્ત્વનાં સર્જકોનું સમગ્ર સાહિત્ય ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરતા ફાઉન્ડેશનનું નામ શું છે?
(ક) શબ્દ
(ખ) સાહિત્ય
(ગ) શબ્દલોક
(ઘ) એકત્ર

(૫) સુરતની એમ.ટી.બી. કોલેજના સ્થાપક સાથે જેમનાં સગપણ છે અને જેઓ 'પ્રવેશ', 'ફિલાડેલ્ફિયા', 'નિસબત', 'વિદેશિની', 'ચેરી બ્લોસમ' સમા કાવ્યસંગ્રહ વડે કવયિત્રી તરીકે જાણીતાં છે, તેમનું નામ શું?
(ક) સરૂપ ધ્રુવ
(ખ) પન્ના નાયક
(ગ) પારુલ ખખ્ખર
(ઘ) માલા કાપડિયા

જવાબ
૫ - ખ, ૪ - ક, ૩ - ગ, ૨ - ક, ૧ - ઘ

ભીના હૃદયે, આગ ઝરતી બાનીમાં લખાયેલી સરહદની શૌર્યકથા

દેશની સુરક્ષા માટે લડાતાં યુધ્ધો જ્યાં દેશની સરહદ પૂરી થતી હોય ત્યાં લડાતાં હોય છે અને તેથી સરહદ પર લડનારા લશ્કરની ખરેખરી સ્થિતિ આપણે જાણી શકતાં નથી. તત્કાલીન શાસકો અને લશ્કર વડે પ્રસારિત કરાતા અહેવાલોમાં ઘણું ઉમેરાતું પણ હોય છે અને બાદ પણ કરાયેલું હોય છે. એ અહેવાલો વડે ઊભા થતા માહોલમાં નાગરિકો 'જય જવાન', 'શહીદો અમર રહો' જેવા નારા લગાડી દેશદાઝ દાખવે. 'અપની આઝાદી કો હમ હરગિઝ મીટા શકતે નહીં, સર કટા શકતે હૈ લેકિન સર ઝૂકા શકતે નહીં...' સાંભળતાં જઈ શૌર્યભાવ અનુભવે પણ સરહદ પર તો સૈનિકો જ હોય છે અને તેમને મળેલા સંજોગો, શસ્ત્રો, સાધનો અને દુશ્મનો 1962માં ભારતે ચીન સામે લડવાનું આવેલું અને તેમાં એવી પછડાટ મળેલી કે યાદ કરો તો આજે પણ નામોશીનો ન ગમતો કડવો ઘુંટ ગળવો પડે. ચેતન આનંદે 'હકીકત' ફિલ્મ બનાવી ત્યારે ઘણાને સમજાયું કે લડી જ ન શકાય એવી સ્થિતિમાં જવાનોને મોરચે ધકેલી દેવાયેલા. પણ મોરચે ગયા પછી તો પાછા ફરાતું નથી. આપણા જવાનો શસ્ત્રોથી નહીં તેટલા પોતાના બળે પોતાના જુસ્સાથી લડયા. 'થી ખૂન સે લથપથ કાયા/ ફિર ભી બંદૂક ઉઠાકે/ દસ-દસ કો એકને મારા / ફિર ગિર ગયે હોશ ગંવાકે...'

હમણાં રોહિત મારફતિયા લિખિત 'જરા યાદ કરો કુરબાની' નામનું પુસ્તક પ્રગટ થયું છે. ઉત્તમ કાગળ, ઉત્તમ મુદ્રણ, ચોખ્ખા ફોટોગ્રાફ્સ, નકશા, સ્કેચ, લખાણને આંકડા અને વિગતોથી વધારે નક્કર બનાવતા કોઠા સાથેનું આ પુસ્તક માત્ર 1962ના એ યુધ્ધને આંખ સામે તાદશ નથી કરતું, ત્યારથી આજ સુધીના વર્તમાન સંદર્ભો સુધી લાવી દેશના સંરક્ષણ બાબતે વાચકોને સમજ, માહિતી સાથે જાગૃત કરે છે. અનેક પરિપ્રેક્ષ્યથી સંયોજાયેલી સામગ્રીની વાચન-અનુભૂતિ એ પણ છે કે વાંચનારને સતત 'જરા યાદ કરો કુરબાની' સંભળાયા કરે છે. લેખક જાણે કે એ યુધ્ધના શહીદો માટે પૂરી દેશદાઝથી કેસ લડે છે અને તેના ગુનેગારોને અદાલતમાં ઊભા રાખી પૂછે છે કે તૈયારી વિના, પૂરતાં શસ્ત્રો- સાધનો વિના લડવા માટે જવાનોને મોરચા પર કેમ મોકલાયા અને મોકલ્યા પછી જાણે ભૂલી ગયા હો તેમ તેમની સાથે શું થયું તેની તપાસ કેમ ન કરી? લેખક કાંઈ દેશના લશ્કરની કોઈ પાંખ સાથે, વિભાગ સાથે જોડાયેલા રહ્યા નથી કે યુધ્ધવિષયક અભ્યાસ માટે જાણીતા નથી છતાં વિષયની સજ્જતા કેળવતા જઈ પ્રતીતિજન્ય આલેખન સિધ્ધ કરે છે, તેનીય નોંધ લેવી ઘટે. પુસ્તકના આરંભે જ સરદાર પટેલ, સૂન ઝુ, ચાણક્ય અને કૃષ્ણની યુધ્ધની સ્થિતિમાં શું ભૂમિકા હતી, સૂત્રાત્મક રીતે શું કહી ગયા છે તેનું સ્મરણ છે જે આ પુસ્તકની સામગ્રીની વિચાર ચિંતન પીઠિકા બને છે. ભારતીય સૈન્યમાં ખૂબ પ્રચલિત સૂત્ર 'નામ, નમક, નિશાન' પણ અહીં પ્રગટ છે અને નામકા ચુની લડાઈમાં ભારતના સૈનિકોને પૂરતાં શસ્ત્ર વિના



પુસ્તકઃ 'જરા યાદ કરો કુરબાની' **લેખકઃ** રોહિત મારફતિયા, **પ્રકાશકઃ** રોહિત મારફતિયા, પારિજાત બંગલો, સ્ટેટ બેંક સોસાયટી, અઠવા લાઈન્સ, સુરત-395001 **કિંમતઃ રૂા. 800/-** (વેચાણથી પ્રાપ્ત રકમ, જય જવાન નાગરિક સમિતિને મળશે જે જવાનોના ઉત્કર્ષ માટે કામ કરે છે.)

મોકલાતાં જે અત્યંત હૃદયવિદારક સ્થિતિ સર્જાયેલી તેનો આક્રોશ પ્રગટ કરતી અરુણાચલની કવયિત્રી હીરજી મલિકની કવિતા-અનુવાદ પણ છે. લેખકની પ્રસ્તાવના 'આંખે અશ્રુનાં તોરણ સાથે લખાયેલી ગાથા' ખરા અર્થમાં સાર્થક છે.આ પુસ્તક બત્રીસમા પાનાથી શરૂ થવા પહેલાં ડો.કેતન શેલત, સુરેશ દેસાઈ, અજયકુમાર તોમર અને મેજર જનરલ અસીત મહેતા જે ભૂમિકા રચે છે તે પણ બત્રીસથી ત્રણસો છત્રીસ સુધીના પૃષ્ઠ માટે પરિપ્રેક્ષ્ય રચનારી છે.

ભારત-ચીન સંબંધો ક્યારેય બહુ સારા રહ્યા હોય, એવું તો નથી અને સરહદી વિવાદો તો સદીથીય વધારે જૂના છે. પુસ્તકમાં એ બધી પૂર્વભૂમિકા અને ભારતીય સેનાની રચનાથી માંડી 1962ના યુધ્ધની વાત કહેવાઈ છે. લદ્દાખનાં મહત્ત્વનાં એરફિલ્ડ અને તે વખતની ચીનની વાયુસેનાનું ખોટું આકલન કઈ રીતે 1962ના યુધ્ધમાં નામોશી લાવ્યું તેની અહીં સવિગત કથા છે. વાંચતાં પહેલાં કદાચ કોઈ પ્રશ્ન કરી શકે કે 1962ના યુધ્ધને કેન્દ્રમાં રાખી અત્યારે આજે પુસ્તક? પણ અહીં 1962નું યુધ્ધ તો મધ્યબિન્દુ છે કારણકે એ યુધ્ધની હતાશા પછી જ સ્વતંત્રતા પછીની સરકાર સરહદ સંરક્ષણ બાબત વધારે જાગતી થઈ અને વર્તમાન સમયમાં તો તેમાં અનેક યુધ્ધશસ્ત્ર ઉમેરાયાં છે. અહીં એ બધી જ વિગતો છે અને તે પણ એ શસ્ત્રોની શક્તિ શું છે તેની વિગતો સાથે આ પુસ્તક કોઈ લાંબા સળંગ લેખ નથી, પણ વાત સળંગ રીતે કહેવાતી જાય છે. 1962ના યુધ્ધ પહેલાં જ જનરલ કે.એસ. થિમૈયાએ રાજીનામું આપવાની જાહેરાત કરેલી તો તે કેમ? તત્કાલીન સંરક્ષણ મંત્રી વી.કે. કૃષ્ણ મેનન સેનાના આંતરિક વહીવટ અને બઢતીમાં સતત દખલગીરી કરતા હતા અને થિમૈયાની માંગ કે સૈન્યનું આધુનિકીકરણ થવું જોઈએ તે વાત સંભળાતી જ ન હતી. એવા મેનનનો વડા પ્રધાન નહેરુ બચાવ કરતાં. આવી બધી વિગતો પુસ્તકને વધુ પ્રામાણિક અને વાચનક્ષમ બનાવે છે. પેલા અઘોષિત યુધ્ધનું આલેખન તો એવી રીતે થયું છે કે આજેય મનમાં આક્રોશ અને આંસુ છલકશે. તેમાંય આગળના પ્રકરણોમાં પેંગોગ લેક, દોલતબેગ ઓલ્ડી, ગલ્વાન ઘાટી, ચાંદિની અને પછી મહાવીરચક્ર વિજેતા રઈદાસ થાપાં, વીર યોધ્ધા લે. વેદપ્રકાશ પંત, મેજર ધાનસિંઘ થાપા અને તેમણે લડેલા યુધ્ધની સાદૃશ્ય વાત-વિગત વાચકને દેશદાઝ જગાડતી યુધ્ધકથાનો અનુભવ કરાવશે. જ્યાં તે વખતનાં અખબારોનાં કટિંગ્સની જરૂર પડી તો તે પણ છે અને AIની મદદ પડે એવું હોય તો તેના ઉપયોગે પ્રાપ્ત તસવીરો પણ છે. ચીન-ભારતનાં બળાબળની સરખામણી પછી આપણા વીર યોધ્ધાની કથા જ્યારે મેજર શૈતાનસિંઘ સુધી પહોંચે ત્યારે યા નિહાલસિંઘની માંગણી કરે ત્યારે ભાવુકતા સાથે શૌર્યની અનુભૂતિ થશે. ધનીરામ દહીયા, નાયક રામકુમાર, હવાલદાર જય નારાયણ, જમાદાર સુરજા રામ, જમાદાર રામચંદર, હવાલદાર મેજર, હરકુલ સિંઘ સમા અન્ય શહીદોને સ-તસ્વીર યાદ કરાવ્યા છે. 'જરા યાદ કરો કુરબાની' ગુજરાતમાં બહુ ઓછા લખાયેલા યુધ્ધગ્રંથમાં એક છે અને જે વાંચશે તેનામાં નાગરિક તરીકેની જવાબદારી જાગશે અને સરહદ, સરહદ પર લડતી સેના, દેશનો સંરક્ષણ વિભાગ, સેનાની દરેક પાંખો વિશે એક દૃષ્ટિ કેળવાશે. 2026 સુધી વિસ્તરેલો આ ગ્રંથ યુધ્ધભૂમિ ક્ષેત્રની ગતિવિધિને સમજાવતાં કહે છે કે ગાફેલ રહેવું ન ચૂકી શકાય. જો શહીદ હુએ ઉનકી 'જરા યાદ કરો કુરબાની' ગુજરાતીમાં આ પ્રકારના ગ્રંથને આપવા માટે તેના લેખક રોહિત મારફતિયાને એક સલામ! ઘણી સજ્જ દૃષ્ટિથી સંશોધકવૃત્તિ સાથે અને 1962નાં શહીદોને અંજલિ આપવાના અભિગમ સાથે સંરક્ષણ મંત્રાલય અને વડા પ્રધાન નિષ્ફળ રહે તો કેવા આઘાતો સર્જાઈ શકે તેનું અહીં હૃદયમંથન કરાવતું આલેખન છે. વાંચજો 'જરા યાદ કરો કુરબાની'.

શૈલી અને ભાષાના ચમકારે વર્તમાનનું હાસ્ય

જ્યોતીન્દ્ર દવે, વિનોદ ભટ્ટ કે તારક મહેતા જેવું હાસ્ય શોધવાનો અર્થ નથી. દાદાના ખેતરમાં પાકેલા ઘઉંની રોટલી હવે માંગી ન શકાય ને અત્યારે જેઓ હાસ્યમાં કામ કરે છે તેમાંનાં ઘણાં વચ્ચે શિલ્પા દેસાઈ પણ છે. 'ત્યારે લખીશું શું?' 'પછી 'અબ સુખ આયો રે' નામનું પુસ્તક તેમના હાસ્યલેખને સમાવે છે. આપણે ત્યાં 'સ્ત્રી હાસ્ય' અને 'પુરુષ હાસ્ય'ના ભેદ નથી પણ સ્ત્રીઓ જ ભેગી થાય ને જે વાતથી હસે તે હાસ્ય જરૂર જૂદું હોય છે પણ સ્ત્રી હાસ્યલેખિકા એ ભેદમાં પડ્યા વિના હસાવવા પ્રયત્ન કરે છે તે આ પુસ્તકમાં મળશે. બૌદ્ધિક ચતુરાઈભર્યું તેમનું હાસ્ય મરક મરક હસાવે છે. ઘણી વાર અંગત સંદર્ભોથી હાસ્ય લખે ત્યારે તમારે તેમના 'હું' ને બાદ કરવો પણ આસપાસના વ્યવહારમાંથી માણસની વૃત્તિ-મર્યાદા પકડી તેઓ સ-રસ હાસ્ય ઉપજાવે છે. વિષય અને શૈલીનું વૈવિધ્ય તેમને ગમે છે પણ વાચકને તે દરેક વખતે ગમશે જ એવું નથી. ફિલ્મસ્ટાર્સ અને ફિલ્મને કેન્દ્રમાં રાખી તેમણે લખ્યું છે. ઘણી વાર પ્રશ્નોત્તરથી હાસ્યલેખનનો પ્રયત્ન છે. શિલ્પા દેસાઈ ઘણી વાર માર્મિક હાસ્યનોય પ્રયત્ન કરે છે. તેમાં ક્યાંક કટાક્ષ પણ ભળી જાય છે.

'અબ સુખ આયો રે'ની મઝા એમાં છે કે તેઓ વર્તમાન સમયમાં લખાયા હોવાનું અનેક સંદર્ભોથી સમજાય છે ને તેથી તેઓ નવી પેઢીનાં હાસ્યલેખક છે એવું કહી શકાશે. મોબાઈલ, વોટસેપ, ફેસબુકનો સમય અહીં હાસ્યમાં ફેરવાયો છે. તેઓ બોલવાના લહેકાથી ઘણી વાર દેસાઈત્વ પણ પ્રગટ કરે છે. ક્યારેક થાય કે પટેલોના, નાગરોનાં, રજપૂતોનાં લાક્ષણિક હાસ્ય જેવું દેસાઈ હાસ્ય પણ શિલ્પા દેસાઈ લખી શકે. 'બા, બટો ને બલૂન' વાંચો તો બોલીમાં થતાં સંવાદનું હાસ્ય મળશે ને 'નમસ્તે એલિયન'માં એલિયનને પત્ર લખી કલ્પનાની ઉડાન ભરી છે. તેમને આ સંવાદ બહુ ફાવે છે એટલે એકથી વધુ લેખમાં મળશે. શિલ્પા દેસાઈ હાસ્યલેખનની અખબારી શૈલીમાં બંધાયાં નથી તે સારું છે અને તેથી દરેક વખતે એક નાવીન્યની અપેક્ષા જાગે છે.

પુસ્તકઃ અબ સુખ આયો રે **લેખકઃ** શિલ્પા દેસાઈ **પ્રકાશકઃ** આર.આર. શેઠ, અમદાવાદ- 380001 **કિંમતઃ રૂા. 175/-**

સમજો ને રમો, આ છે 'ફટાફટ ક્રિકેટ'ના આધુનિક નિયમો

સુરતમાં ક્યારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચો રમાતી થશે યા આવડા મોટા સુરત યા દક્ષિણ ગુજરાતમાંથી કેમ કોઈ એવો ક્રિકેટર ન થયો જે વન ડે ઈન્ટરનેશનલ યા ટ્વેન્ટી-ટ્વેન્ટી કે ટેસ્ટ ક્રિકેટ રમે? આવા પ્રશ્નોના ઉત્તરો મેળવવાનો અત્યારે પ્રયત્ન ન કરો. હા, તમારે વન-ડે અને ટી-20ના મુખ્ય આધુનિક નિયમો જાણવા હોય તો બી.સી.સી.આઈ.ના અમ્પાયર રહી ચૂકેલા કેકી દૂધવાલાનું 'ફટાફટ ક્રિકેટ' નામનું પુસ્તક ઉપલબ્ધ છે. દિલીપ વેંગસરકર, રોજર બિન્ની, સુનીલ ગાવસ્કર, ફરોખ એન્જિનિયર ઉપરાંત પરિમલ નથવાણી, પંકજ કાપડિયા જેવાએ આ પુસ્તક અને તેના લેખકને પોરસાવતા શબ્દો પણ લખ્યા છે.

સુરતમાં ખૂબ ક્રિકેટ રમાયા કરે છે અને આંતરરાષ્ટ્રીય મેચોના પ્રસારણ સમયે તો ટી.વી. સ્ક્રિન સામે યા મોબાઈલ સ્ક્રિનમાં રસિકો જોવા મચી પડે છે. જો તમે આજે રમાતી ક્રિકેટના નિયમો જાણતા હો તો આ પ્રસારણ જોવાની મઝા ખૂબ વધી જશે. આ પુસ્તકનાં 42 પ્રકરણોમાં ક્રિકેટના એ નિયમો વિશે એટલી મઝાથી અને વિગતે વાત કરી છે કે ટી.વી. પર પ્રસારણ ચાલતું હોય ને તો હાથમાં પુસ્તક રાખી જાતે નિર્ણય આપવા માંડશો. મતલબ કે ઘરે બેઠા અમ્પાયર. ક્યારે પિચ ઢાંકી શકાય યા ડેડબોલ કોને કહેવાય, સબસ્ટિટ્યુટ્સ ક્યારે મેદાનમાં આવી શકે એ બધું તો ખરું પણ બેટની પહોળાઈ-લંબાઈના નિયમ શું છે? બેટની સાઈઝ અને આકાર માપવા અમ્પાયર બેટ ગેજનો ઉપયોગ કરી ચકાસણી કરે તો વાંધો નથી લઈ શકાતો તે ઠીક પણ બોલર ઈરાદાપૂર્વક ફંટફુટનો બોલ નાંખે તો? પુસ્તકમાં ઈન્ટરેસ્ટિંગ પરિશિષ્ટ પણ છે જેમાં પિચની કુલ લંબાઈથી માંડી નાની વિગતો છે. હવે દરેક ગામો, કોલેજ, યુનિવર્સિટીનાં મેદાનોમાં અને ક્રિકેટ મંડળીઓ ક્રિકેટનાં મેદાન બનાવે છે તેમાં તે મદદ કરશે. કેકી દૂધવાલા સ્વયં અમ્પાયર રહી ચૂક્યા છે એટલે તેમનાથી વધારે સારા લેખક આ માટે તો ન જ મળે. તો પીઠાવાલા સ્પોર્ટસ કલબ-ભીમપોર પુરસ્કૃત આ પુસ્તક હાથમાં લો અને વાંચો. તમને અમ્પાયર થવાનું મન થાય તો પણ તેમાં મદદ થશે.



પુસ્તકઃ ફટાફટ ક્રિકેટઃ વન ડે તથા ટી-20ના મુખ્ય આધુનિક નિયમો **લેખક પ્રકાશકઃ** કેકી દારબશાહ દૂધવાલા, 12/1705, વકીલ સ્ટ્રીટ, શાહપોર- સુરત- 395003, **કિંમતઃ રૂા. 100/-**

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

કેન્દ્રના શિક્ષણ મંત્રી નું રાજીનામું સંગઠિત હોવાના કારણે શક્ય બન્યું"

neet ની પરીક્ષા ના પેપર લીક થવાના મામલે વિધાર્થીઓ દ્વારા કરવામાં આવેલ આંદોલનની ફલશ્રુતિ રૂપે કેન્દ્ર ના શિક્ષણ મંત્રી એ રાજીનામું આપવું પડ્યું એ સારું કહેવાય. કોઈપણ જાહેર પરીક્ષા ના પેપર લીક થવા ના જોઈએ. વિદ્યાર્થીઓના હિત ની બાબત હોઈ ત્યારે તે દિશામાં જ નિર્ણય લેવાય, અને શિક્ષણ ની બાબતમાં પારદર્શિતા જાળવવી જરૂરી છે. કાયદો અને વ્યવસ્થા ના ભાગ રૂપે વિધાર્થીઓ પર લાઠી ચાર્જ કર્યો તે ન થવું જોઈએ. આંદોલન કરનારા વિધાર્થીઓ જે ભવિષ્ય ના ઘડવૈયા છે તેઓ એક દિવસ સાત્તા ના સુકાન સાંભળવાના છે. તેનો નજર અંદાજ કરવો જોઈએ. શિક્ષણ વ્યવસ્થામાં પણ બદલાવ લાવવાની જરૂર છે. દરેકને કોઈપણ જાતના ભેદભાવ રહિત નિઃશુલ્ક શિક્ષણ આપવાના અને વિધાર્થીઓ ના પ્રશ્નોના ઉકેલ માટે અલગ વ્યવસ્થા ઉભી કરવાની જરૂર છે. તેને વહીવટ સાથે સાંકળવી ન જોઈએ. વિધાર્થીઓ ની માંગણી સ્વીકારવી પડે એ સાબિત કરે છે કે એકતા અને સંગઠિત થઈને કોઈપણ કાર્ય કરીએ તો ધાર્યું પરિણામ મળે જ છે. દેશની એકતા અને અખંડિતતા જાળવવા માટે પણ સંગઠિત હોવું જરૂરી છે.

સુરત - ચન્દ્રકાન્ત રાણા

સાયલન્ટ રીડિંગ કલ્ચર...

સાયલન્ટ કલ્ચર આમ જોઈએ તો વર્તમાન સંજોગો ની જરૂરિયાત છે.જ્યારે બાળકો એ સતત મોબાઈલ મા રચ્યા પચ્યા રહે છે ત્યારે તેનું આ સ્ક્રોલિંગ છોડી વાંચન સાથે જોડાવાની આ એક અદભુત પહેલ છે. આજકાલ મેટ્રો શહેરમાં આ સાયલન્ટ કલ્ચર ને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સુરતના શાસ્ત્રી ગાર્ડન પાર્લે પોઈન્ટ માં જવાનું થયું ત્યારે ત્યાં સુરત રિટ્રૂઝ ગ્રૂપ દ્વારા સો સાઈલેન્ટ રીડિંગ સેશન પૂર્ણ કર્યા. આમાં કોઈ સભ્ય ફી નથી. અને પોતાનું મનગમતું પુસ્તક સાથે આવનાર કોઈપણ વ્યક્તિ આમાં જોડાઈ શકે છે. જુલાઈ 2023 થી દર રવિવારે આ કાર્યક્ર